જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૦/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૩૮/૧૮

## અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી નવરાત્રી મહોત્સવ દરમ્યાન સ્ત્રીની ગરીમાને ન છાઝે તેવું વર્તન કરતા ૨૭૮ તેમજ દારુ પીધેલ ૪૩૮ ઈસમોને ઝડપી પાડતી પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનું આયોજન થતું હોય આ દરમ્યાન સામાન્ય જનતા ભયમુકત રીતે તહેવાર માણી શકે તથા સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને જેથી સ્ત્રીઓ સુરક્ષા અનુભવે તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એકશન પ્લાન ઘડી કાઢી અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓશ્રી ના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનમાં ડીકોય તથા બંદોબસ્તની ટીમોએ ખાણી પીણીના બજારો જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબાવાળી જગ્યાઓએ વોચ ગોઠવેલ. તેમજ અમદાવાદના તમામ પોસ્ટેના અધિકારીઓ દ્વારા ગરબાના આયોજકો સાથે અવાર નવાર મુલાકાત કરી તહેવાર સારી રીતે ઉજવાય તે સારૂ જરૂરી સુચનોનુ આદાન પ્રદાન કરી વ્યવસ્થા ગોઠવવાની તજવીજ કરી જેના ભાગ રૂપે ગરબાના આયોજકોએ ટ્રાફીકની વ્યવસ્થાને ધ્યાને રાખી પોલીસ અધિકારીના સંપર્કમાં રહી વાહન પાર્કિંગની શુ વ્યવસ્થા ગોઠવી ટ્રાફીકની સમસ્યા નિવારેલ છે.

આ દરમ્યાન અમદાવાદ શહેર પોલીસ કર્મચારીઓએ ટ્રેડીશનલ ડ્રેશમાં ડીકોય ગોઠવતા કુલ્લેઃ- ૨૭૮ ઈસમોને ઝડપી તેઓ વિરુધ્ધ સ્ત્રીની ગરીમાને ના છાઝે તેવા વર્તન બદલ કાયદેસરા ગુનો રજીસ્ટર કરી તપાસ હાથ ધરવામાં આવેલ છે.

દારૂની બદી અંગે પણ ડ્રાઈવનુ આયોજન કરવામાં આવેલ કે જેના ફળસ્વરૂપે ૪૩૮ ઈસમો દારુ પીધેલ હાલતમાં મળી આવતા અમદાવાદ પોલીસ કર્મચારીઓએ તેઓ વિરુધ્ધમાં પ્રોહી એકટ અનુસંધાને ગુનો નોધી તપાસ હાથ ધરવામાં આવેલ છે. આમ તા,૧૦/૧૦/૨૦૧૮ થી ૧૮/૧૦/૨૦૧૮ નવરાત્રી મહોત્સવ દરમ્યાન ૨૭૮ ઈસમો વિરુધ્ધ સ્ત્રીની ગરીમાને ન છાઝે તે વર્તન માટે તેમજ ૪૩૮ ઈસમો વિરુધ્ધ પ્રોહી એકટ અનુસંધાને ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આયોજકોના સહયોગથી પોલીસ સફળ રહેલ છે.

આમ પોલીસ અધિકારીઓ તેમજ આયોજકોના સંયુકત પ્રયત્નથી શહેરમાં શાંતિ પૂર્ણ માહોલમાં નવરાત્રીનો તહેવાર પાર પાડેલ છે.

# રાણીપ પોલીસ સ્ટેશન

આજરોજ તારીખ ૧૮/૧૦/૨૦૧૮ ના રોજ કલાક ૧૯.૦૦ વાગ્યે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે એક ભાઇ નામે હરનેશદાન મનહરદાન ગઢવી ઉ.વ.૨૯ રહેવાસી એચ/૦૯, રાણીપ પોલીસ લાઇન, અમદાવાદ નાઓ એક નાના બાળકને લાવી રજુ કરી જણાવેલ કે આ બાળક તેઓને રાણીપ શાક માર્કેટ ખાતેથી મળી આવેલ છે જે બાળક કંઇ બોલતુ નથી તથા તેના માતા-પિતા બાબતે આસપાસ તપાસ કરતા કોઇ માહિતી મળેલ નથી જે બાળકે શરીરે કાળા રંગની ચડ્ડી તથા પીળા રંગની ટીશર્ટ પહેરેલ હોય સદરી બાબતે રાણીપ પોલીસ સ્ટેશન ખાતેના અનાર્મ હેડ કોન્સ્ટેબલ શ્રી પિયુષ રામભાઇ બકલ નંબર ૩૫૯૬ નાઓએ અમોને મોબાઇલ ફોનથી જાણ કરતા અમોએ અનાર્મ હેડ કોન્સ્ટેબલ શ્રી પિયુષ રામભાઇ બકલ નંબર ૩૫૯૬, અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ શ્રી લાલસંગ સાગરદાન બકલ નંબર ૩૮૪૩, અનાર્મ હેડ કોન્સ્ટેબલ શ્રી ચંદ્રસિંહ જશવંતસિંહ, પ્રો.મદદનીશ સબ ઇન્સ્પેકટર શ્રી ભાવિનભાઇ મનસુખભાઇ, અનાર્મ લોક રક્ષક શ્રી પિયુષકુમાર દેવજીભાઇ તથા મહિલા લોક રક્ષક કુમારી હેતલ મશરીભાઇ નાઓને ઉપરોકત બાળકના વાલીવારસની તપાસ કરવા જણાવતાં તેઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાણીપ સ્ટેટ બેંક તરફ લોકોની પુછ પરછ કરી તપાસ કરતા હોય જે દરમ્યાન એક બેન નામે કૈલાસ W/O ભાવેશભાઇ વાઘરી ઉ.વ.૨૩ રહેવાસી ગામ બાલીસણા, તાલુકા ઉંઝા જીલ્લો મહેસાણા ની પોલીસ પાસે આવી જણાવેલ કે તેને જાણવા મળેલ છે કે પોલીસ એક મળી આવેલ બાળકને લઇ તેના માતા પિતાની તપાસ કરી રહેલ છે અને બાળકને પોલીસ પાસે જોતા આ બેને તે બાળકને પોતાનુ બાળક હોવાનુ જણાવી ઓળખી બતાવેલ અને જણાવેલ કે આ બાળક તેનુ પોતાનુ છે જે આજરોજ કલાક ૧૮.૩૦ વાગ્યે રમતા રમતા કયાંક જતુ રહેતા ખોવાઇ ગયેલ છે. અને આ બેનને પોલીસ સ્ટેશન ખાતે લાવી વિગતવારનુ નિવેદન મેળવી બાળક પરત સોંપેલ છે. જે અંગે સ્ટેશન ડાયરીમાં યોગ્ય નોંધ કરવામાં આવેલ છે.



## મીલકત સબંધી ગુનાના આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી મેઘાણીનગર પો.સ્ટે ની પોલીસ

અધિક પો. કમી. સા. શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર મેઘાણીનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ તા. ૧૭/૧૦/૧૮ના રોજ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઈ વી.એસ.સિંધવ તથા મ.સ.ઇ દિલીપભાઇ ઇશ્વરભાઇ બ.ન. ૭૬૨૦ તથા મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.ન. ૭૬૧૧ તથા પો.કો. સંદિપભાઇ મંગાભાઇ બ.ન. ૩૬૮૯ તથા એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન. ૧૨૪૩ એ રીતેના મીલકત સબંધી ગુના શોધવા તથા અટકાવવા સારૂ મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગ મા હતા દરમીયાન એલ.આર કિરણસિહ ગોપાલસિહ બ.ન. ૧૨૪૩ નાઓની બાતમી હકીકત આધારે મેઘાણીનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં- ૧૩૬/૧૮ ઇપીકો કલમ ૩૮૦ મુજબના કામના આરોપી (૧) અભિષેક નવલકિશોર ભદોરીયા ઉ.વ. ૧૯, રહે, પુષ્પાનગર ગલી નં- બી/૧૩, ભગવતી સ્કુલ પાસે ભાર્ગવરોડ મેઘાણીનગર વાળાને તથા (૨) રાજેંદ્ર રામેશ્વર શાહ ઉ.વ. ૨૨, રહે, ડીફેન્સ કોલોની હનુમાનજીના મંદિર પાસે ભાર્ગવરોડ, મેઘાણીનગર અમદાવાદ તથા લક્ષ્મીનગર, લક્ષ્મીતળાવ, વટવા જીઆઇડીસી અમદાવાદ વાળાને ચોરીએ ગયેલ મુદ્દામાલ સાથે અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ – ૫, કિંમત રૂ/- ૧૬૫૦૦/- તથા યાસીકા કંપનીનો ડી.એક્સ મોડેલનો એક કેમેરો કિ.રૂ. ૪૦૦૦/- ગણી કુલ્લે રૂ. ૨૦,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે આજરોજ તા, ૧૭/૧૦/૧૮ ના કલાક ૨૦/૩૦ વાગ્યે પકડી અટક કરી ગુનો ડિટેક્શન કરી સારી કામગીરી કરેલ છે.

## તડીપાર આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પો.સ્ટે પોલીસ

નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર મેઘાણીનગર પો.સ્ટે. નાઓના સુચના આધારે નવરાત્રીના તહેવાર સબંધે પો.સ્ટે વિસ્તારમા સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઈ વી.એસ.સિંધવ તથા તથા મ.સ.ઇ દિલીપભાઇ ઇશ્વરભાઇ બ.ન. ૭૬૨૦ તથા મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.ન. ૭૬૧૧ તથા પો.કો. સંદિપભાઇ મંગાભાઇ બ.ન. ૩૬૮૯ તથા એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન. ૧૨૪૩ નાઓ મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા. દરમ્યાન એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન. ૧૨૪૩ નાઓની બાતમી હકીકત આધારે અત્રેના પો.સ્ટે.નો અમદાવાદ શહેર તથા આજુબાજુના જિલ્લાઓ માથી તડીપાર કરેલ ઇસમ અનુજ ઉર્ફે છોટુ ચંદ્રકેશસિંગ જાતે- રાજપુત ઉ.વ. ૨૪, રહે, ૩૫૦, ગલી નં-૪, અમરાજીનગર, ભાર્ગવરોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાને જી.પી. એકટ ૧૪૨ મુજબ તા- ૧૭/૧૦/૨૦૧૮ ના કલાક ૦૧/૨૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.